# અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીમાં થયેલ તીવ્ર વધારો

અમદાવાદ,તા. ૪

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ફરી એકવાર ગરમીના પ્રમાણમાં તીવ્ર વધારો થયો છે. આજે પારો એકાએક જોરદારરીતે વધીને ઉંચી સપાટી પર પહોંચી ગયો હતો.શુક્રવારની તુલનામાં શનિવારે એટલે કે આજે તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો. આજે અમદાવાદમાં પારો ૪૪ સુધી પહોંચીગયો હતો. જ્યારે રાજ્યના અન્ય કેટલાક ભાગોમાં પણ પારો ૪૪થી ઉપર પહોંચ્યો હતો. રાજ્યમાં સૌથી વધુ તાપમાન ઈડરમાં ૪૫.૬ ડિગ્રી સુધી રહ્યુ હતુ. આવી જ રીતે ડિસામાં પારો ૪૪.૨ અને અમદાવાદમાં પારો ૪૪ રહ્યો હતો. ગઈકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યુ હતુ. શુક્રવારની તુલનામાં તાપમાનમાં એકસાથે ત્રણ ડિગ્રીનો વધારો થતા લોકો ફરી એકવાર ત્રાહીમામ પોકારી ગયા હતા. સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૫થી ઉપર પહોંચ્યો હતો. જાણકાર લોકોના કહેવા મુજબ હજુ થોડાક દિવસ સુધી ઉંચુ તાપમાન રહી શકે છે. લોકોને વધુ તાપનો અનુભવ થશે. બીજી બાજુ હવામાન વિભાગની આગાહીમાં કહેવામાં આવ્યુ છે કે આગામી દિવસોમાં દક્ષિણ સૌરાષ્ટ્ર અને અન્ય ભાગોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડી શકે છે. તાપમાનમાં ફરી વધારો થતા લોકો સાવધાન થઈ ગયા છે. ભારતમાં છેલ્લા બે વર્ષથી દુષ્કાળની સ્થિતિ જોવા મળી રહી હતી. આ વખતે ૯૬ ટકા મોનસુનની આગાહી કરવામાં આવી છે. મોનસુન સમાન્ય રહેશે અને પોતાની ગતિ કરતા આગળ વધશે. આઈએમડી દ્વારા સારા વરસાદની આગાહી બાદ મોનસુનની રાહ જોવામાં આવી રહી છે. ગુજરાતમાં મોનસુનને લઈને હજુ પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે. મોનસુનની શરૂઆત થાય તે પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે પણ મોનસુન એક્શન પ્લાન અમલી બનાવી દીધો છે જેના ભાગરુપે કેટલાક પગલા પણ લેવાઈ રહ્યા છે. ગરમીના પ્રમાણમાં વધારો થયા બાદ ફરી એકવાર તકેદારી રાખવા માટેની જરૂર દેખાઈ રહી છે. હાલમાં ગરમીનો પારો ૪૮ સુધી પહોંચી ગયો હતો. લુ લાગવાના અથવા તો હિટ સ્ટ્રોકના કેટલાક બનાવો બન્યા હતા.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



સ્કૂલો શરૂ થઈ ગઈ છે... મા-બાપ પોતાના બાળકો માટે નોટ, ચોપડા, દફતર, વોટરબેગની ખરીદીમાં વ્યસ્ત થઈ ગયા છે. પણ જેના મા-બાપ પાસે પરિવારનું પેટ ભરવા જેટલી જ જોગવાઈ હોય એવા સંતાનોના શમણાંનું શું..? ગાંધીનગરમાં શ્રી નવીનચંદ્ર ખમાર નામના એક વડીલ એવા છે, જે ઝુંપડાઓમાં રહેતા બાળકોની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે. શાળાઓ શરૂ થવાની હોય એટલે એમની ઓફિસની બહાર આ રીતે ગરીબ બાળકોની લાઈનો લાગે. કન્સલ્ટન્સી કરતા ખમાર સાહેબ પોતાનું બીજું બધું જ કામકાજ છોડીને શિક્ષકની જેમ બધાં બાળકોની માર્કશીટ તપાસે અને તેના વર્ગની જરૂરિયાત મુજબ ફુલસ્કેપ બુક્સ, નોટબુક, પેન, પેન્સિલ, રબર બધું જ વિનામૂલ્યે વહેંચે..! પોતાના અને પોતાના મિત્રો પાસેથી ભેગા કરીને ખમાર સાહેબ લગભગ ૫૦-૬૦ હજાર રૂપિયા આ સેવાકાર્યમાં વાપરે છે... છેલ્લા આઠ-દસ વર્ષોથી તેઓ જરૂરિયાતમંદ બાળકોને કોરા નોટ-ચોપડા આપે છે, પરંતુ વિધિ આવા સખાવતીઓના ચોપડે શું લખતી હશે..? આ બાળકોના ભાગ્યમાં શું લખાયું હશે..???

# વિવેકાનંદ વિચારયાત્રાનું પાલનપુરમાં આગમન

પાલનપુર, તા. ૪

સુરતથી પ્રસ્થાન પામેલ વિવેકાનંદ વિચારયાત્રા ઉત્તર ગુજરાતમાં પરિભ્રમણ કરી પાલનપુરમાં આવી પહોંચતા યાત્રાના



સારથી પ્રો. સુનિલભાઈ માલવણકરનું સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર પાલનપુર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાલનપુરના સિવિલ ઓડોટોરીયમમાં આ પ્રસંગે યોજાયેલ જાહેર કાર્યક્રમમાં પ્રો. સુનિલભાઈનું પ્રવચન યોજાયું હતું. ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમના પ્રરંભે સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના જિલ્લાના ચેરમેન ગૌરાંગભાઈ પાધ્યા અને પાલનપુર શહેરના અધ્યક્ષ વિપુલભાઈ રાવલે પુષ્પગુચ્છથી યાત્રાના સારથી પ્રો. સુનિલ માલવણકરનું અભિવાદન કર્યુ હતું. ગણપતભાઈ જોષીએ પ્રો. સુનિલભાઈનો પરિચય આપી વિચાર યાત્રાનો વિસ્તારથી પરિચય આપ્યો હતો.

પ્રો. સુનિલભાઈ માલવણકરે યાત્રાનો ઉદ્દેશ સમજાવી સ્વામીજીના જીવનનો પ્રેરક સંદેશ દેશની વર્તમાન પરિસ્થિતિમાં કેટલો ઉપયોગી છે તે જણાવ્યું હતુ. આત્મવિશ્વાસ, શિક્ષણ અને લોખંડી સ્નાયુ સાથે જ્ઞાનનું ઉપાર્જન એ સ્વામીજીના સંદેશનું મુખ્ય હાર્દ તેમણે જણાવ્યું હતું.

પ્રો. સુનિલભાઈએ તેમના પ્રવચનમાં પાલનપુરમાં સ્વામી વિવેકાનંદજીએ તેમના પ્રતિનિધિ તરીકે ગણપતભાઈ જોષીને મુક્યા છે તેમ જણાવી પાલનપુરમાં તેમના દ્વારા મળેલ સહયોગને બિરદાવ્યો હતો.

આ પ્રસંગે નગરપાલિકાના સદસ્યો, શહેરના પદાધિકારીઓ, નર્સીંગ કોલેજની વિદ્યાર્થીનીઓ, વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના કાર્યકરો તેમજ શહેરના નામાંકિત અગ્રણીઓ, સિનિયર એડવોકેટો હાજર રહ્યા હતા.

## ત્રિવેણી સંગમ પ્રયાગરાજ ખાતે અસ્થી વિસર્જન

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ સેવા મંડળ સંચાલીત અસ્થી બેંક-પ્રાંતિજ ખાતે ચાલે છે જેમાં જમા થયેલ અસ્થીઓને દર વર્ષે હિંદુ વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવે છે.

ચાલુ વર્ષે ૬૦ અસ્થી જમા થયેલ હતા તેને મંડળના પ્રતિનિધિ નટુભાઈ બારોટ અને તેમના પત્ની હંસાબેન બારોટ દ્વારા પ્રયાગરાજ-અલ્હાબાદ ખાતે ત્રિવેણી સંગમમાં વિધિપૂર્વક અસ્થીઓનું વિસર્જન કરવામાં આવેલ હતુ.

અસ્થી બેંક-પ્રાંતિજમાં અત્યાર સુધીમાં ૬૦૦ ઉપરાંતના અસ્થીઓ જમા થયેલ હતા તેને હરીદ્વાર, પ્રયાગરાજ અને બનારસ(વારાણસી-કાશી)માં વિસર્જન કરવામાં આવેલ છે.

## વાલરણમાં દાઝી જવાથી યુવકનું મોત

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ ગામના બાબુભાઈ ધુળાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮) મંગળવારે પોતાના ઘરે અગમ્ય કારણસર દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા. શનિવારે તેમનુંસારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું. જે અંગે મેડીકલ ઓફીસર રીટા સિન્હાએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

# સીઆરઝેડ અધિનિયમમાંથી મીઠા ઉદ્યોગને મુક્તિ

ગાંધીનગર, તા. ૪

મીઠા ઉદ્યોગ માટે મુશ્કેલીરૂપ બનનાર સીઆરઝેડ વિવાદનો અંત કેન્દ્ર સરકારે ત્વરીત નિર્ણય લઈ લાવી દીધો છે. મીઠા ઉદ્યોગને સીઆરઝેડના અધિકાર ક્ષેત્રમાંથી મુક્તિ આપી દેવાતા મીઠાના ઉત્પાદકોમાં આનંદી લાગણી ફેલાઈ છે.

સમગ્ર દેશના મીઠા ઉદ્યોગ, જેમાં ગુજરાત રાજ્ય ૭૫ ટકાથી વધારે હિસ્સો ધરાવે છે તેના માટે કેન્દ્ર સરકાર દ્વારા સીઆરઝેડના વિવાદનો જે રીતે ત્વરીત નિર્ણય લેવામાં આવેલ છે, તે પ્રસંશનીય છે, અને ભાવનગર ડિસ્ટ્રીક્ટ સોલ્ટ મેન્યુફેક્ચરર એસોસીએશન તે માટે આભારી છે.

વર્ષ ૨૦૧૧ જૂન-૬ના નોટીફિકેશન દ્વારા તે વખતની કેન્દ્ર સરકારના નોટીફિકેશન અન્વયે મીઠા-ઉદ્યોગને સીઆરઝેડના અધિકાર ક્ષેત્રમાં સામેલ કરવામાં આવેલ. સદરહુ નોટીફિકેશનના રૂઈએ સીઆરઝેડ ક્ષેત્રમાં ૫૦ વર્ષથી વધારે મુદતથી મીઠાનું ઉત્પાદન કરતા નાના કે મોટા દરેક એકમોને સીઆરઝેડ ઓથોરીટીની મંજૂરી મેળવવાની ખર્ચાળ અને જટીલ પ્રક્રિયામાંથી પસાર થવા ફરજ પાડવામાં આવેલ. મીઠા ઉત્પાદનની પ્રવૃત્તિ સીઆરઝેડમાં પરમીસીબલ હોવા છતાં જ્યાં સુધી સીઆરઝેડ ઓથોરીટી તરફથી માન્યતા પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી લીઝ પટ્ટાથી મુદત રીન્યુ કરવા પર પ્રતિબંધ લાદવામાં આવેલ.

સમગ્ર દેશનો મીઠા ઉદ્યોગ ઉપરોક્ત પરિસ્થિતિમાં ઘણી જ મુશ્કેલીમાં મુકાઈ ગયેલ તેવે વખતે ભાવનગર ડિસ્ટ્રીક્ટ સોલ્ટ મેન્યુ. એસોસીએશન દ્વારા આ પ્રશ્નની ધારદાર રજૂઆત મીનીસ્ટ્રી ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝના જોઈન્ટ સેક્રેટરીને તા. ૧૪-૧૧-૨૦૧૪ના રોજ મૌખિક અને તા. ૧૮-૧૧-૨૦૧૪ના રોજ પત્ર દ્વારા કરવામાં આવેલ. પરિણામ સ્વરૂપ કેન્દ્ર સરકાર તરફથી ભાવનગર ડિસ્ટ્રીક્ટ સોલ્ટ મેન્યુફેક્ચરર એસોસીએશનને તેમના પ્રતિનિધિને દિલ્હી મોકલવા કહેવામાં આવેલ. જેના પ્રતિસાદમાં એસોસીએશનના ઉપપ્રમુખ ચેનતભાઈ કામદારે કેન્દ્ર સરકારના લાગતા-વળગતા દરેક ખાતાના અધિકારીઓ સમક્ષ તા. ૫-૩-૨૦૧૫ના રોજ રજૂઆત કરેલ અને મીટીંગના અંતે કેન્દ્રના પ્રિન્સીપલ સેક્રેટરી તરફથી સમગ્ર દેશના મીઠા ઉદ્યોગ જે વર્ષ ૨૦૦૨ પહેલા અસ્તિત્વમાં હતો તેને સીઆરઝેડના અધિનિયમની સંપૂર્ણપણે મુક્ત કરતો હુકમ કરી દેવામાં આવેલ. અને ત્યારબાદ ત્રણ માસમાં દરેક રાજ્યોને આ હુકમના અમલ માટે સૂચન આપવામાં આવેલ.



## સીસોદરા(મે) સગીરા બળાત્કાર કેસમાં માલતદારને આવેદનપત્ર

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામની ૧૫ વર્ષીય સગીરાનું ગત તા. ૨૫ને બુધવારના રોજ સગીરાનું કારમાં અપહરણ કર્યા બાદ બળાત્કાર ગજારાયો હતો જે સંદર્ભે સગીરાના પરિવારજનોએ મેઘરજ પોલીસ સ્ટેશને બળાત્કાર અંગેની ફરીયાદ નોંધાવી હતી. પરંતુ ઘટનાના દસ દિવસ થવા છતાં આ તપાસમાં વિલંબ થયેલ હોય અને બળાત્કારનો મુખ્ય આરોપી ન પકડાતા સગીરાના પરીવારજનોએ શુક્રવારના રોજ મેઘરજ મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું હતું.

## સદાતપુરામાં બંધ મકાનમાંથી ૧.૧૫ લાખની ચોરી થતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સદાતપુરા ગામે આવેલ એક શખ્સના મકાનમાંથી ગત તા. ૨ જુનની રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશી કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૧. ૧૫ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. ફરિયાદ શુક્રવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. સદાતપુરા ખાતે રહેતા સંજયભાઈ ભોગીલાલ પટેલના ઘરમાંથી ગત ૨ જુનની રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી લાકડાના કબાટમાં મુકેલ રૂ. ૧૯ હજારની ૧૪ ગ્રામની સોનાની ચૈન, રૂ. ૮ હજારની સોનાની બુટ્ટી તથા રૂ. ૪ હજારની સોનાની કડીઓ, રૂ. ૧૦ હજારના ચાંદીના છડા, ૪ હજાર રોકડ તથા ઘરમાંથી અન્ય સ્થળે મુકેલ રૂ. ૭૦ હજાર મળી અજાણ્યા શખ્સો રૂ. ૧.૧૫ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં અસરગ્રસ્ત જાહેર કરેલ ગામોમાં વ્યાપક સહાય પૂરજોશમાં

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તથા વાવ તાલુકાના તમામ ગામો તથા થરાદ તાલુકાના ખાનપુરા, નાગલા, ડોડગામ, ચુડમેર, લેડાઉ, ભાચર, જમડા, ઈઢાટા, ભોરોલ, ડેલ, ચારડા, અભેપુરા, થરાદ, બુઢનપુર, દોલતપુરા, જાણદી, ગડસીસર, મેઢાણા, મહાદેવપુરા એમ કુલ-૧૯ ગામો ઘાસચારા તથા પાણીની તંગીના કારણે સરકારશ્રીએ અસરગ્રસ્ત જાહેર કરેલ છે. અસરગ્રસ્ત વિસ્તારના નાના ખેડૂતો, જમીન વિહોણા પશુધારક, ખેતમજુરો તેમજ ગરીબ માલધારીઓને વધુમાં વધુ પાંચ પશુઓ માટે ઘાસકાર્ડ આપવાની જોગવાઈ કરેલ છે. એક ઘાસકાર્ડ દીઠ પર દૈનિક એક પશુ દીઠ ૪ કિ.ગ્રા. સૂકો ઘાસચારો પ્રતિ કિ.ગ્રા. દીઠ રૂ. ૨ ના રાહત દરે વિતરણ કરવાનું ચાલુ છે. અસરગ્રસ્ત વિસ્તારોના ઉપરોક્ત લાયકાત ધરાવતા દરેકે આનો બહોળો લાભ લેવા માટે સંબંધિત તાલુકાની મામલતદાર કચેરીનો સંપર્ક કરી આપની નજીકના ઘાસ ડેપો પરથી લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

ઉપરોક્ત અસરગ્રસ્ત તમામ ગામોમાં તમામ રેશનકાર્ડ ધારકોને એટલે કે જેઓનો સમાવેશ અગ્રતા ધરાવતા કુટુંબમાં ન થયો હોય તેઓને પણ રૂ. ૨ ના કિ.લો. ઘઉં. અને રૂ. ૩ ના કિ.લો. ચોખા માથાદીઠ ૫ કિ.લો. લેખે અછત પૂર્ણ ન થાય ત્યાં સુધી આપવામાં આવશે. જેની તમામ જનતાએ નોંધ લેવી. તેમજ ઉપરોક્ત વિસ્તારના કોઈ વ્યક્તિઓ પાસે હજુ પણ રેશનકાર્ડ ન હોય તેવા જરૂરીયાતમંદ લોકોને મામલતદાર દ્વારા ઈલાયદુ કાર્ડ આપવામાં આવશે. જેમાં જથ્થાની નોંધ કરી ફાળવવામાં આવશે. ઉપરોક્ત અસરગ્રસ્ત તમામ ગામોના મધ્યાહન ભોજન કેન્દ્રો પર ઉનાળુ વેકેશન દરમ્યાન તથા જ્યાં સુધી અસર પૂર્ણ ન થાય ત્યાં સુધી મધ્યાહન ભોજનની સાથે દૂધ સંજીવની યોજના હેઠળ દરેક બાળકને ૨૦૦ મી.લી. ફ્લેવર્ડ દૂધ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. ઉપર મુજબની પ્રવૃત્તિઓ દ્વારા કુદરતના પ્રકોપ સામે સરકારશ્રી તરફથી વિવિધ ઉપાયોનું આયોજન કરવામાં આવ્યુંછે. જેનો જાહેર જનતાને બહોળો લાભ લેવા બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વડાલીની યુવતીને કરીયાવર અને દાગીના તથા રોકડનો ઉપયોગ ન કરવા દેતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના વડાલીની એક યુવતીને તેણીના સાસરીયાઓ દ્વારા કરીયાવર સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમનો ઉપયોગ ન કરવા દેતા આ મહિલાએ શુક્રવારે ચાર જણા વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરહિનબાનુ અબ્બાસઅલી સૈયદને ઉંઝા તાલુકાના ઉનાવા ગામના હુસેનમીયા શેરઅલી સૈયદ, શેરઅલી રસીદમીયા સૈયદ, કુલસુમબીબી શેરઅલી સૈયદ અને સેજાનાબાનુ શેરઅલી સૈયદે કરીયાવારમાં આપેલ સોના-ચાંદીના દાગીના, ઘરવખરી તથા રોકડ રકમનો ઉપયોગ ન કરવા દઈ વિશ્વાસઘાત કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ફરહિનબાનુએ ચાર જણા વિરૂધ્ધ શુક્રવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આત્રોલીની ક્વોરીના ખાડામાં ડુબી જતા આધેડનું મોત

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના આત્રોલી ગામની ક્વોરીમાં આવેલ એક ખાડામાં શુક્રવારે પાણી ભરવા ગયેલા એક આધેડનો પગ લપસી જતા ડુબી જવાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે શનિવારે તલોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આત્રોલીની સીમમાં આવેલ એક ક્વોરીમાં પાણી ભરાયેલું હતું. જ્યાં શુક્રવારે ગાંધીનગર જીલ્લાના મગોડી ગામના રાજેન્દ્રસિંહ ગોહીલ તેમના મિત્ર અને ટ્રક ચાલક વિરમજી મારવાડી સાથે આવ્યા બાદ ક્વોરીના ખાડામાં પાણી ભરવા માટે ગયા હતા. જ્યાં અચાનક તેમનો પગ લપસી જતા તેઓ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બીજી તરફ પાણી ભરવા ગયેલા રાજેન્દ્રસિંહ ગોહિલ પરત ન ફરતા ટ્રક ડ્રાઈવરે તથા તેમના મિત્ર રાજુભા શોધખોળ કરતા ક્વોરીના ખાડાની કીનારેથી બુટ મળ્યા હતા. જેથી શંકાને આધારે તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરતા ૧૪ કલાક બાદ શનિવારે રાજેન્દ્રસિંહનું મૃતદેહ બહાર કઢાયા બાદ પીએમ માટે તલોદ સિવિલમાં લવાયો હતો.

### ભેદ ઉકેલાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાવળા-બગોદરા હાઈવે પર આવેલા ખોટાડા ગામના પાટિયા નજીક ટ્રક પહોંચી ત્યારે એક અજાણી સફેદ કલરની સ્વિફ્ટ કાર આવી હતી અને આઈશર ટ્રકને રોકી હતી. કારમાંથી ચારથી પાંચ શખ્સો નીચે ઉતરી ટ્રકમાં બેઠેલા ડ્રાઈવર, બે સિક્યોરિટી ગાર્ડ સાથે ઝપાઝપી કરી બાર બોરની બે બંદૂક લૂંટી લીધી હતી. અજાણ્યા શખ્સોએ તમામને ધમકી આપી ટ્રકને બાવળાના ભાયલા ગામમાં આવેલી સીમમાં બાવળની ઝાડીઓમાં લઈ ગયા હતા અને ટ્રકમાં રહેલા ૨૭ પાર્સલ જેમાં ૧૭ કિલો સોનું આશરે રૂપિયા પાંચ કરોડ અને અન્ય પાર્સલની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરાતા બાવળા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ચકચારી લૂંટની ઘટના અંગે ઉચ્ચ અધિકારીઓને જાણ કરાતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી જઈ તપાસ શરૂ કરી હતી. લૂંટારુઓને ઝડપવા માટે પોલીસે રાજકોટ બગોદરા-તારાપુર, અમદાવાદ તરફના તમામ હાઈવે પર નાકાબંધી કરી લીધી હતી. ઘટનાને લઈ એફએસએલ અને ડોગ સ્કવોડની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સ્વિફ્ટ કારમાં આવેલા પાંચેય શખ્સો હિન્દીભાષી હતા.

### વાવણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિસ્તારમાં વધુ હરિયાળી નિખારવા માટે ખાડાઓ ખોદી તૈયારી કરી દેવાઈ છે. વરસાદી દિવસો દરમિયાન શહેરના વિવિધ માર્ગો પર કલરકોડ પ્રમાણે રોપાઓની વાવણી કરાશે. ચોમાસા દરમિયાન ૨૫ હજાર રોપાઓની વાવણીનુ આયોજન કરાયુ છે. જયારે તા ૫ જુનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ હોવાથી ચ માર્ગ પરથી રોપાઓની વાવણી શરૂ કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ આ નિમિત્તે શહેરના ચ માર્ગ પર પીળા રંગના કલરકોડ પ્રમાણે પ્રથમ લાઈનમાં અર્જુન ટીકોમા,ગરમાળાના રોપાઓની વાવણી કરાશે. જયારે અન્ય પાછળના વિસ્તારમાં લીમડા દેશી કણજી,કરંજ સહીતના રોપાઓની વાવણી કરાશે. શહેરમાં વિવિધ મુખ્ય માર્ગોને વિવિધ કલરકોડ પ્રમાણે ફુલો નિખરે તે મુજબ રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે અન્ય મુખ્ય માર્ગો આસપાસ પણ ઓરેંજ સહીતના રંગોના ફુલો નિખરે તેવા રોપાઓની વાવણી કરાશે.

### આગબબુલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્દોબસ્ત પણ સ્થળ પર જોવા મળ્યો હતો. મંદિરના પેવર બ્લોકને અચાનક જ દુર કરવાની તંત્રની વિવિદાસ્પદ હરકતના લીધે ગ્રામજનોમાં પણ વિરોધ સાથે પ્રબળ આક્રોશ પ્રવર્તયો હતો. જો કે આ મામલે અધિકારીઓએ પણ પેવર બ્લોક દુર કરવાની ગતિવિધિઓના પ્રતિઉત્તરમાં ચુપકીદી સેવી લીધી હતી. રાજકીય દબાણના લીધે પેવર બ્લોક પર બુલડોઝર ફેરવી દેવાયુ હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

### તંત્ર મુંઝવણમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓને પણ સાંકળવામાં આવી રહ્યા છે. આ વખતે પ્રથમવાર શાળાના પરિણામની ચકાસણી કરવા તેમજ મૂલ્યાંકનને લઈ પણ ચકાસણી કરવાની સૂચનાઓ અપાઈ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રવેશોત્સવમાં જનાર અધિકારીની ભલામણને આધારે મૂલ્યાંકનકાર શિક્ષકને પ્રમાણપત્રથી સન્માનિત પણ કરવાની સૂચનાઓ પહેલીવાર આપવામાં આવી છે. આ ઉપરાંત વક્તવ્યના મુદ્દાઓ પણ વિભાગે તૈયાર કર્યા છે.

### ગરમીનો પ્રકોપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે સતત ફુંકાતી લુ એ સમગ્ર શહેરને જાણે બાનમાં લીધુ હતુ. દ્વિ ચક્રી વાહન પર બહાર નીકળવુ ખુબ મુશ્કેલ બન્યુ હતી. ગરમી અને લુ થી બચવા માટે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. બારી બારણા પણ બંધ રાખવા પડ્યા હતા. લુ ની અસર સૂર્યાસ્ત બાદ પણ અનુભવાતી હતી. આખો દિવસ તીવ્ર તડકામાં તપેલી જમીન પરથી ફુંકાતી લુ ની અસર રાત્રે પણ અનુભવાતા વસાહતીઓ અકળાઈ ઉઠ્યા હતા. મોડી સાંજે વસાહતીઓએ ઘરની બહાર આંગણામાં અને બાગ બગીચાઓમાં બેઠક જમાવી હતી. ઠંડા પીણા, આઈસ્ક્રીમ, છાશનો વપરાશ ખુબ વધી ગયો હતો. શેરડીના રસના કોલા અને બરફ ગોળાની લારીઓ પર મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. છેલ્લા બે મહિનાથી સતત આકરી ગરમીથી અકળાઈ ઉઠેલા વસાહતીઓ હવે ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

## હિંમતનગરની કિશોરીનું અપહરણ કરાતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહાવીરનગરમાં વિસ્તારમાં આવેલ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ પાસેથી શુક્રવારે પસાર થતી આશરા નામની કિશોરીનું અજાણ્યો શખ્સ અપહરણ કરીને ભગાડી ગયો હતો. જે અંગે હિંમતનગરના દિનેશકુમાર મદનલાલ શર્માએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
ટુ-વ્હીલર વાહનોના વેચાણ માટે અનુભવી છોકરાઓ.
મળો :
નંદા ઓટોમોબાઈલ્સ ગુજ. પ્રા.લી.
સેક્ટર-૩૦, ગાંધીનગર
મો. : ૭૫૭૩૦૪૨૧૯૦